ક્રમાંક: સ્ટેમ્પ–કયદ–નક્ષણ–૧૪૭–૨૦૦૩ / ૧૨૨૪

સુપ્રી ઓફ સ્ટેમ્પસની કચેરી
સ્ટેમ્પસ અને નોંધણી ભવન
સેક્ટર નં : ૧૩–સી'ખ' રોડ
ગાંધીનગર તાઃ ૮/૧૦/૨૦૦૪

વંચાણમાં લીધુ :– ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ નિયમો –૧૯૮૭

પરિપત્ર :–

રાજયમાં સ્ટેમ્પ અને સ્ટેમ્પ પેપરના પુરવઠા અને વેચાણ માટે ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ નિયમો –૧૯૮૭ ની જોગવાઈઓ અમલમાં છે. સ્ટેમ્પ વેન્ડરોની નિમણુંક , લાયકાત,ફરજ અને તેઓના ઉપર દેખરેખ અને નિયંત્રણ માટે વિવિધ જોગવાઈઓ સદર નિયમોમાં ઠરાવવામાં આવેલ છે. લાયસન્સ સ્ટેમ્પ વેન્ડરો ધ્વારા સ્ટેમ્પ અને સ્ટેમ્પ પેપરનાં વેચાણની કામગીરી ઉપર યોગ્ય અને સખત દેખરેખ અને નિયંત્રણ રહે તે માટે નીચે જણાવેલ જોગવાઈઓનો ચુસ્તતાથી અમલ થાય તે જોવા તમામ જીલ્લા કલેક્ટરશ્રીઓ , પ્રાંત અધિકારીશ્રીઓ અને નાયબ કલેક્ટરશ્રી સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકનતંત્ર,ને આથી જણાવવામાં આવે છે

| | | |
|---|---|---|
| (૧) | શૈક્ષણિક લાયકાત તથા ઉંમર :– | |
| | નિયમ–૬(૧)<br>નિયમ–૩૫ | લાયસન્સ સ્ટેમ્પ વેન્ડરની નિમણુંક માટે સેકન્ડરી સ્કુલ સર્ટીફિકેટની પરીક્ષા પસાર કરેલી હોવી જોઈએ. અને ઉંમર –૨૧ કરતાં ઓછી નહી અને ૪૦ વર્ષ કરતાં વધુ ન હોવી જોઈએ. અનુ.જાતિ, જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત, વિધવા કે ત્યકતા અને શારિરીક ખોડખાંપણ ધરાવતાં ઉમેદવારના કિસ્સામાં ઉપરની વય મર્યાદામાં ૫ ( પાંચ ) વર્ષની છુટછાટ આપી શકાશે. |
| | (૧–ક) | લાયસન્સ સ્ટેમ્પ વેન્ડરનો પાસપોર્ટ સાઈઝ નો ફોટો લગાવેલા અને સહી કરેલો હોય તેવું ઓળખપત્ર, લાયસન્સ મંજુર કરનાર અધિકારીશ્રીએ આપવાનું રહેશે. અને આવું ઓળખપત્ર સ્ટેમ્પ વેચાણના સ્થળે લાયસન્સ સ્ટેમ્પ વેન્ડરે પોતાની સાથે નિયમિત રાખવાનું રહેશે. |
| (૨) | નિયમ–૮ | સ્ટેમ્પ વેન્ડરે લાયસન્સમાં જણાવેલ હોય તેટલા જ પ્રકારના સ્ટેમ્પનું વેચાણ કરવાનું રહેશે. |
| (૩) | નિયમ–૯<br>નિયમ–૩૯ | લાયસન્સ સ્ટેમ્પ વેન્ડર માટે સ્ટેમ્પ વેચાણનો સમય સવારના ૧૦–૦૦ થી સાંજનાં ૫–૦૦ સુધીનો રહેશે. જાહેર રજાના દિવસે સ્ટેમ્પનું વેચાણ થઈ શકશે નહી. |
| (૪) | નિયમ–૧૩<br>નિયમ–૪૧ | લાયસન્સ સ્ટેમ્પ વેન્ડરે વેચાણના સ્થળની બહારનાં ભાગમાં પોતાનું નામ અને " લાયસન્સ સ્ટેમ્પ વેન્ડર " એ મુજબના લખાણ સાથેનું પાટીયું લગાવવાનું રહેશે.તેમજ ગુજરાતી અનુવાદ વાળા ભારતીય સ્ટેમ્પ અધિનિયમ તથા મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ–અને તે હેઠળના નિયમોની પ્રત ખરીદનાર જોઈ શકે તે રીતે રાખવાની રહેશે. |
| (૫) | નિયમ–૧૪<br>નિયમ–૪૬ | લાયસન્સ સ્ટેમ્પ વેન્ડરે સ્ટેમ્પના વેચાણની વિગતો દર્શાવતા જોડાણ–૪/૮ માં ઠરાવેલ નમુના મુજબનું વેચાણ રજીસ્ટર નિભાવવાનું રહેશે.નાણાંકીય વર્ષના અંતે આવા રજીસ્ટરો કલેકટરશ્રીને જમા કરાવવાના રહેશે. |
| (૬) | નિયમ–૨૧ | રાજય સરકાર ધ્વારા ઠરાવેલ નમુનામાં લાયસન્સ સ્ટેમ્પ વેન્ડરે હિસાબો નિભાવવાના અને જાળવવાના રહેશે. |

(૭) નિયમ-૨૨ લાયસન્સ સ્ટેમ્પ વેન્ડરે જોડાણ -૫ માં ઠરાવેલ નમુના મુજબનું સિક્યુરીટી બોન્ડ આપવાની હોય છે.

(૮) નિયમ -૨૩ કલેકટર અથવા રાજય સરકાર ધ્વારા અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી લાયસન્સ સ્ટેમ્પ વેન્ડર ધ્વારા નિભાવવામાં આવતા રજીસ્ટરો તથા સ્ટેમ્પ તથા સ્ટેમ્પ પેપરોના સ્ટોક તપાસી શકશે. અને આ કામગીરીમાં અવરોધ કરી શકશે નહી.

લાયસન્સ સ્ટેમ્પ વેન્ડરો સંબંધમાં ઉપરોક્ત જોગવાઈઓનો યોગ્ય પાલન થાય છે. તે સંબંધીત ખરાઈ કરીને આ અંગેનું જરુરી પ્રમાણપત્ર કલેકટરશ્રી અથવા નિમણુંકની સત્તા ધરાવતાં સક્ષમ અધિકારીશ્રીએ અત્રેની કચેરીને તાઃ ૩૦/૧૦/૨૦૦૪ સુધીમાં અચુક મોકલી આપવા આથી જણાવવામાં આવે છે. સાથોસાથ મહિનામા એક વાર ઓચીતી મુલાકાત લઈને લાયસન્સ સ્ટેમ્પ વેન્ડરો ધ્વારા નિભાવવામા આવતા રજીસ્ટરો , સ્ટેમ્પ, અને સ્ટેમ્પ પેપરનો સ્ટોક તેમજ ઠરાવેલ સ્થળે બેસીને વેચાણ કરે છે કે કેમ ? તેની તપાસ કરવા પણ આથી જણાવવામાં આવે છે.

સહી /-
(એમ. એન.જોષી)
સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પસ
ગુજરાત રાજય,ગાંધીનગર

પ્રતિ,
કલેકટરશ્રી ( તમામ)
નકલ રવાના :-
(૧) નાયબ સચિવશ્રી મહેસુલ વિભાગ, હ-૧ શાખા, સચિવાલય, ગાંધીનગર
(૨) અધિક સુપ્રી. ઓફ. સ્ટેમ્પસ, ગાંધીનગર
(૩) નાયબ સુપ્રી. ઓફ. સ્ટેમ્પસ, ગાંધીનગર
(૪) પ્રાન્ત અધિકારીશ્રી, (તમામ )
(૫)નાયબ કલેકટર, સ્ટેમ્પ ડયુટી મુલ્યાંકનતંત્રની કચેરી ( તમામ) [illegible]
(૬) આસી. સુપ્રી. ઓફ. સ્ટેમ્પસ, અમદાવાદ
(૭) ચીફ ઈન્સ્પેકટર ઓફ સ્ટેમ્પસ, સ્ટેમ્પ/મુલ્યાંકન, ગાંધીનગર
(૮) નાયબ મદદનીશ સુપ્રી. ઓફ. સ્ટેમ્પસ,સ્ટેમ્પ/મુલ્યાંકન, ગાંધીનગર
(૯) સીલેકટ ફાઈલ

રવાના કર્યુ

અધિક સુપ્રી. ઓફ. સ્ટેમ્પસ
ગુજરાત રાજય,ગાંધીનગર